હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૩૬, વર્ષ : ૩૫, અંક : ૧૩
૦૧-જુલાઈ, ૨૦૨૪

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

આ સંસારમાં અંધકાર પણ છે અને પ્રકાશ પણ છે, સ્વર્ગ પણ છે અને નર્ક પણ છે, પતન પણ છે અને ઉત્થાન પણ છે, ત્રાસ પણ છે અને આનંદ પણ છે. આ બંને પ્રકારની પરિસ્થિતિમાંથી માણસ જે ઈચ્છે તેને પસંદ કરી શકે છે. દરેકને પોતાની ઈચ્છા પ્રમાણે કરવાની છૂટ છે, પરંતુ તેમાં એક જ પ્રતિબંધ છે કે જે કર્મ કર્યુ હોય તેના ફળમાંથી બચી શકાતું નથી. સૃષ્ટિએ નક્કી કરેલા ક્રમને તોડી શકાતો નથી.

- પરમપૂજ્ય ગુરુદેવ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**


धन्या माता–पिता धन्यो गोत्रं धन्यं कुलोदभवः ।
धन्या च वसुधा देवी यत्र स्याद् गुरुभक्तता ॥

અર્થાત્ જેમના અંતરમનમાં ગુરૂભક્તિ છે, તેમના માતા–પિતા ધન્ય છે, એમનું ગોત્ર ધન્ય છે, તેમના કુળમાં જન્મ લેનારા ધન્ય છે અને જયાં ગુરૂભક્ત વાસ કરે છે એ ધરતી પણ ધન્ય છે.

આધ્યાત્મિક ગુરૂનું પૂજન અને સ્મરણ કરવાનો ઉત્સવ અષાઢ સુદ પૂર્ણિમા એટલે કે ગુરૂ પૂર્ણિમા. મહાભારતના રચયિતા વેદ વ્યાસજીનો જન્મ દિવસ હોવાથી તેમના સન્માનમાં ગુરૂ પૂર્ણિમાને 'વ્યાસ પૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાની ઉજવણી ગુરૂકુળ, આશ્રમોમાં, શાળાઓમાં, મંદિરોમાં સમગ્ર ભારતમાં કરવામાં આવે છે. પ્રાચીન કાળમાં શિક્ષણ નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવતું હતું. ગુરૂ પોતાના આશ્રમમાં શિષ્યોને તમામ પ્રકારનું શિક્ષણ આપતા તેની ગુરૂ દક્ષિણારૂપે શિષ્યો આ પૂર્ણિમાએ પોતાની યથા શકિત દાન–પુણ્ય આપી ઋણ મુકત થવાનો વિનમ્ર ભાવથી પ્રયાસ કરતા હતા.

"ગુરૂ ગોવિંદ દોઉ ખડે કાકે લાગૂ પાય
બલિહારી ગુરૂ આપને ગોવિંદ દિયો બતાય."

ભારતીય સંસ્કૃતિમાં ભગવાન કરતાં ગુરૂનું વિશેષ મહત્વ છે. 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે પ્રકાશ. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર એવી દિવ્ય શકિત એ ગુરૂ. ગુરૂ એટલે અંધકાર–અજ્ઞાનને દૂર કરનાર અને જીવનમાં અજવાળારૂપી જ્ઞાન ફેલાવનાર. 'ગુરૂ વિના જ્ઞાન નહી' આધ્યાત્મિક ગુરૂ આપણને મોક્ષ પ્રાપ્તિ માટે પ્રભુના શરણ તરફ લઈ જવાનું કાર્ય કરે છે. પિતાનું અનુશાસન અને માતાનો પ્રેમ બન્ને કામ પરમાત્મા ગુરૂ દ્વારા કરાવે છે, જેમ ગુરૂ બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મજ્ઞાની તપસ્વી હોય, નિર્વિકાર, નિરહંકારી અને સમદર્શી હોય, એજ રીતે શિષ્ય પણ ગુરૂ પ્રત્યે અતૂટ શ્રદ્ધાભાવ વાળો, ભકિતભાવ વાળો, વિશ્વાસુ હોય, સમર્પિત હોય, ગુરૂના ચરણો જ પૂજાનું કેન્દ્ર હોય, ગુરૂનો શબ્દ તેના માટે મંત્ર હોય, ગુરૂની કૃપા જ તેના માટે




મોક્ષનું મૂળ હોય, ગુરૂએ બતાવેલ માર્ગ જ લક્ષ હોય, ગુરૂની સેવા એજ નિત્યકર્મ, ગુરૂનું કાર્ય એજ ભગવદ્કાર્ય હોય, ગુરૂનો આદેશ તેના માટે શાસ્ત્ર હોય તે પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. મારે મન ગુરૂએ કોઈ વ્યકિત નહિ પણ અધ્યાત્મ માર્ગે ચાલતા પથિક માટે કુદરતે ઉભી કરેલી એક વ્યવસ્થા છે. જીવને ઉપર ઉઠાવવાની એક ઉત્તમ વ્યવસ્થા.

"ગુરૂ પરજાપત સરિખા ઘટ ઘટ કાઢે ખોટ,
ભીતરસે રક્ષા કરે ઉપર લગાવે ચોટ."

ગુરૂ પ્રજાપતિ (કુંભાર) સમાન વર્ણવ્યા છે. કુંભાર જયારે માટલા બનાવે ત્યારે ઉપરથી જોરથી ટપારતાં જાય અને જો ખોડ રહી હોય તો શોધી કાઢે. આમ કરતી વેળાએ તેનો એક હાથ માટલાની અંદરના ભાગમાં રાખે કે જેથી ઉપરથી ટપારતી વખતે અંદરના હાથથી માટલું તૂટે નહિ, ફાટે નહિ. ગુરૂ પણ આજ કામ કરે છે, તે શિષ્યની સતત ભૂલ કાઢયા કરે અને ટોકયા કરે, પણ તે સમયે તેના હિતની તો અંદરથી રક્ષા કરતા હોય છે. ગુરૂના કઠોર વચનોથી તિરસ્કાર પામેલા શિષ્યો જ મોટાઈ પામી શકે છે. ધરતીમાંથી નીકળતા રત્ન–પત્થરો જયાં સુધી સરાણે ચડી ઘડાય નહિ ત્યાં સુધી મણિ બનીને રાજમુગટમાં સ્થાન પામતા નથી. ગુરૂનું કાર્ય પણ ટપારી–ટપારીને

ઘડતર કરી મણિ બનાવવાનું છે. પ્રાચીન ગુરૂકુળ એ ઉત્તમ માનવ બનાવવાના કેન્દ્રબિંદુ હતા. શિષ્યમાં જીવનના પાયાની સમજ સાથે પરમ વિવેક જગાડવાનું કામ થતું. વિદ્યાનું દાન કરાતું, સ્વાવલંબન એ વિદ્યાની પહેલી શરત રહેતી, વિદ્યા પ્રાપ્ત કરનાર કોઈ પર આધારિત ન રહેતો. ગુરૂ પરંપરાને ખૂબ સારી રીતે જાળવવા આજના વર્તમાન સમયની માંગ છે કે ઉત્તમ માનવ નિર્માણની નીવ ઉત્તમ ગુરૂ બને જે સતત પોતાની જાતને કસતો રહે અને સમાજ–રાષ્ટ્રના વિશ્વના કલ્યાણ માટે સતત કાર્ય કરતો રહે. આપણે સૌ આ દિશામાં યોગ્યતા મુજબ કરીએ એજ ગુરૂવંદના.

તા. ૦૧-૦૭-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## એન.એસ.એસ.









હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગ દ્વારા ‘એક પેડ મા કે નામ’ તેમજ પોલીથીન મુક્ત દેશ માટે ઈકો બ્રિક્સ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ દ્વારા ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. કુલસચિવ ડૉ.રોહિતભાઈ દેસાઈનો જન્મદિવસ તેમજ અષાઢ માસના પ્રથમ દિવસે પ્રકૃતિ જતન થાય અને તેમાં પશુ પક્ષીઓને આહાર મળી રહે તે રીતે આહાર સંતુલિત વૃક્ષો જેવા કે જામફળ, ગુંદા, સીતાફળ, આમફળ, રાયણ, જાંબુ, વડ, બોરસલી, કરંજ, સેવન, ગરમાળા, લીમડા, ગુલમહોર, લીંબોડી, આસોપાલવ સહિતના ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિભાગોના પરિસરમાં વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ, વહીવટી કર્મચારીઓ તેમજ શૈક્ષણિક સ્ટાફ દ્વારા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. રોહિતભાઈ દેસાઈએ વૃક્ષારોપણ કરી પ્રકૃતિ જતનનો સંદેશ આપ્યો હતો.

યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કે.સી પોરિયાએ જણાવ્યું હતું કે આજે વિશ્વ આખું ગ્લોબલ વોર્મિંગ ની સમસ્યાથી ત્રસ્ત છે દિન પ્રતિદિન પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે ત્યારે વૃક્ષારોપણ અનિવાર્ય છે સાથે સાથે પોલીથીનના ઉપયોગ કરતા તેનો નાશ કરવો પણ અતિ આવશ્યક છે ત્યારે ઈકો બ્રિક્સના માધ્યમ થકી પોલીથીનનું

પ્રદૂષણ અટકાવી શકાય તેમ જ પ્રત્યેક નાગરિક પોલીથીનના વપરાશ બાદ એક પ્લાસ્ટિકની બોટલમાં તેને ભરીને તેની બ્રિક્સ બનાવી તેનો ફરીથી ઉપયોગ કરી શકે તો પોલીથીન મુક્ત સમાજ અને પોલીથીન મુક્ત પૃથ્વી બની શકે.

આ પ્રસંગે એન.એસ.એસ વિભાગના કો-ઓર્ડીનેટર કમલેશભાઈ ઠક્કર હોસ્પિટલ વિભાગના હેડ પ્રો. કે. કે. પટેલ, કેમેસ્ટ્રી વિભાગના વડા પ્રો. સંગીતાબેન શર્મા, એમએસસી આઈટી વિભાગના હેડ ડૉ. ભાવેશભાઈ પટેલ, બી.બી.એ. વિભાગના ડૉ. આનંદભાઈ પટેલ, ડૉ. જય ત્રિવેદી સહિત વિવિધ વિભાગોના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## તાલીમ







હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના International Quality Assurance Cell (IQAC) દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સહયોગથી કમ્પ્યૂટર ટ્રેનિંગ પ્રોગ્રામ તા. ૧૦-૬-૨૦૨૪થી ત્રણ તબક્કામાં આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો અને વહીવટી ભવનની વિવિધ શાખાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને કમ્પ્યૂટર ટ્રેનીંગ આપવામાં આવી હતી. કર્મચારીઓને રોજબરોજના કામ માટે જરૂરી એવી કમ્પ્યૂટરના પાયાના કૌશલ્ય વિકસીત થાય તેવા પ્રકારની તાલીમનું આયોજન યુનિવર્સિટીના અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટ્રેનિંગ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં કુલપતિ શ્રી પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા, કુલસચિવ ડૉ. રોહિતભાઇ દેસાઇ, નાયબ કુલસચિવ અને મહેકમ શાખાના ઇન્ચાર્જ અધિકારી ડૉ. કમલભાઇ મોઢ, IQA Cell ડાયરેક્ટર પ્રો. ડૉ. સંગીતાબેન શર્મા અને ડિપાર્ટમેન્ટના કો-ઓર્ડીટર ડૉ. ભાવેશ પટેલ હાજર રહ્યા હતા.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❊ ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આટ્‌ર્સ અને પી.એન.પટેલ કોમર્સ કૉલેજ, ઇડરના ૪૭મા વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી તારીખ ૧૨-૦૩-૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. આ મહોત્સવના મુખ્ય મહેમાન મંડળના પ્રમુખ પૃથ્વીરાજભાઈ સી.પટેલ, અતિથિ વિશેષ તરીકે કીર્તિકુમાર જોશી તેમજ ડૉ. રાજેશ ડી. ડામોર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્યથી થઇ હતી. સંસ્થાના આચાર્ય ડૉ. એ.એમ. પટેલે મહોત્સવમાં ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરી મહેમાનોનો પરિચય કરાવ્યો હતો અને મહેમાનોનું પુષ્પગુચ્છ તેમજ શાલથી મંડળના મંત્રી જીતુભાઈ એમ. દેસાઈએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રીએ સૌ વિદ્યાર્થીઓના ઉજ્વળભાવી કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. યુનિવર્સિટી કક્ષાએ જે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામો મેળવ્યા છે તેમનું પારિતોષિક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એન.એસ.એસના શ્રેષ્ઠ કેડેટના એવોર્ડ તેમજ એન.સી.સી.નાં શ્રેષ્ઠ કેડેટના એવોર્ડ એનાયત કરી

વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રોત્સાહિત કર્યા હતાં. સ્પોર્ટ્સ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટી ખાતે યોજાયેલ યુથ ફેસ્ટીવલમાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓને પણ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સપ્તધારા અંતર્ગત યોજાયેલ કુલ ૨૨ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓનું પણ આ પ્રસંગે ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. સલોની દોશીનું તેમજ ડૉ. ગીરીશ પરમારનું તેમની ખાસ સિદ્ધિ બદલ આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો, સાથે કૉલેજનો સમગ્ર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ સેવક ભાઈઓ પણ જોડાયા હતાં.



❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાનો ઇનામ વિતરણ અને વાર્ષિકોત્સવ કાર્યક્રમ તા. ૨૬–૩–૨૦૨૪ના રોજ યોજાયો હતો. પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૬૦થી વધારે વિદ્યાર્થીઓને ઇનામ અને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ પ્રહલાદભાઈ પટેલ, મુખ્ય અતિથિ તરીકે કે.આઈ. પટેલ, મુખ્ય વક્તા ઉદયભાઈ ગોર, અતિથિ વિશેષ રાજેન્દ્રકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા શ્રી ઉદયભાઈ ગોરે વિદ્યાર્થીઓને ઊંચું ધ્યેય રાખી પરિશ્રમ કરવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સૌ અધ્યાપક મિત્રોએ યોગદાન આપ્યું હતું.



❊ શ્રીમતી આર. એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણાનો ૨૮મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવના અધ્યક્ષ સંસ્થાના પ્રમુખ બચુભાઈ શાહ, મંત્રીશ્રી ડૉ. નટુભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે રિપલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. જયેશભાઈ બારોટે સૌનું સ્વાગત કરી મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે ડૉ. નટુભાઈ પટેલે સૌ વિદ્યાર્થીઓના ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આજના મુખ્ય વક્તાશ્રીએ યુવાનોને પ્રોત્સાહન અને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. 'પરિશ્રમ એ જ પારસમણી સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય' એ વાક્યને સાર્થક કરતું તેમનું વ્યક્તિત્વ તેમણે પોતે જે સંઘર્ષ કર્યો હતો તે સંઘર્ષના કેટલાક અનુભવો રજૂ કરી વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા માટેની સલાહ આપી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી કક્ષાએ જે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામો મેળવ્યા છે તેમનું ગોલ્ડ મેડલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ., એન.સી.સી. અને સ્પોર્ટ્સ જેવી વિદ્યાર્થી પ્રવૃત્તિઓ તેમજ સપ્તધારા અને ઉદીસા જેવા વિવિધ આયામોમાં જે જે વિદ્યાર્થીઓએ ભાગ લઈ અને સ્પર્ધામાં વિજેતા થયા હોય, તેમજ અધ્યાપકો દ્વારા ઉચ્ચ પદવી પ્રાપ્ત કરેલ હોય, સંશોધન પ્રકાશનનું કાર્ય કરેલ હોય તે સૌને સન્માનિત કરવામાં આવ્યા હતા.



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરામાં તા.૧૫–૩–૨૦૨૪ના રોજ B.A./B.Com.Sem-6 અને M.A/M.Com.Sem-4ના વિદ્યાર્થી ભાઈ–બહેનોનો દીક્ષાન્ત અને પારિતોષિક વિતરણ સમારોહ જૈનાચાર્યશ્રી પ.પૂ. જયસુંદરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ગણિવર્ષ અને કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ધીરજભાઈ કે. શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે ગણિવર્ય પ.પૂ. કરુણાદ્રષ્ટિ મ.સા.એ જીવનની ઈમારત ચણવાની સફળતાની ચાવીઓનુ દ્રષ્ટાંતસભર વિશ્લેષણ કરી હકારાત્મક વિચારધારા, પરોપકારતા, પવિત્રતા, મા–બાપ નો સ્નેહ અને ઈશ્વરીય પ્રાર્થના વ્યસનમુક્તિ, નમ્રતા વિવેક વિનય વિષય ઉપર દીક્ષાર્થી ભાઈ–બહેનોને પ્રેરિત કરેલ. કૉલેજના પૂર્વ પ્રિન્સીપાલશ્રીએ કર્મના સિધ્ધાંતને સમજાવીને આચરણ દ્વારા વિદ્યાર્થી પ્રતિભાને ખીલવવા પ્રેરક માર્ગદર્શન આપેલ. માર્ચ–એપ્રિલ ૨૦૨૩ યુનિવર્સિટી પરીક્ષામાં B.A./B.Com. અને M.A/M.Com.માં કૉલેજમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને તેમજ NSS/NCC, સાંસ્કૃતિક, રમત–ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના વરદ હસ્તે શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. વિદાય લેનાર વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજના સંસ્મરણોને વાગોળી પ્રતિભાવ વ્યક્ત કરી 'વિદાય ગીત' અને 'ગરબો' રજૂ કરવામાં આવ્યો હતો.

## એન.એસ.એસ.

❊ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC સેલ તથા એન.એસ.એસ. વિભાગ દ્વારા કડી શહેરમાં રહેતા ગરીબ પરિવારના બાળકોને મોહનથાળ, ચવાણું તથા પાપડીનો નાસ્તો આપવામાં આવ્યો હતો. કૉલેજના આચાર્ય ડૉ. હિના એમ. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રો.ઓ. પ્રા. હરસુખ



પરમાર તથા એન.એસ.એસ. સ્વયં સેવિકાઓ સાથે રહીને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના IQAC સેલ તથા એન.એસ.એસ. વિભાગ દ્વારા સચાણા ગામે આવેલ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી અને તેમને નાસ્તો આપવામાં આવ્યો હતો. તેમજ વૃધ્ધાશ્રમમાં રહેતા દાદા-દાદીઓએ પોતાના સુખ-દુઃખના પ્રસંગો કહ્યા હતા. પ્રોગ્રામ ઓફિસર પ્રા. હરસુખ પરમાર, લાયબ્રેરીયન નરેન્દ્રભાઈ મહેતા અને જેમના દ્વારા નાસ્તો આપવામાં આવ્યો હતો તે નિવૃત્ત પ્રો. ડૉ. વંદનાબેન ઠક્કર સાથે જોડાયા હતા. કૉલેજના આચાર્ય પ્રિ. ડૉ. હિના એમ. પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના કરુણા અભિયાન કલબ દ્વારા 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે તા.૨૩-૩-૨૦૨૪ ના રોજ પક્ષીઓને પાણી માટેના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં કૉલેજ દ્વારા ચાલતી એન.એસ.એસ.ની સ્વયંસેવિકાઓ દ્વારા પોતાની સોસાયટીના કોમન પ્લોટમાં તથા ધાબા ઉપર પક્ષીઓને પાણી પીવા માટેના કુંડા મુકવામાં આવ્યા હતા. આ કુંડાઓ પ્રકૃતિ મંડળ મહેસાણાના વિનોદભાઈ દ્વારા આપવામાં આવ્યા હતા. કૉલેજનો સમગ્ર સ્ટાફ કાર્યક્રમમાં હાજર રહી પ્રકૃતિ જતન માટે પ્રેરણા સ્ત્રોત રહ્યો હતો. આ કાર્યકમનું આયોજન કરુણા અભિયાન કલબના ડૉ.રમણભાઈ સોલંકી તથા ડૉ.સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહિલા જાગૃતિ અભિયાન



શ્રી ટી.એમ.શાહ આર્ટ્સ કૉલેજ, કડીમાં મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને લગતી વિવિધ બીમારીઓ જેવી કે લોકોરીયા, શ્વેતપ્રદર, માસિકમાં તકલીફ, માથું દુખવું, ખુજલી, બેક્ટેરિયલ ઇન્ફેક્શન વગેરે જેવી ગુપ્ત બીમારીઓને લગતું માર્ગદર્શન મહિલા જાગૃતિ અભિયાન ડિસ્ટ્રીબ્યુટરના દીપિકાબેન પ્રજાપતિ અને અરુણાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય મનીષાબેન દવે એ પણ મહિલા સ્વાસ્થ્ય અંગે સજાગ રહેવા માટે જણાવ્યું હતું.

## મુલાકાત



❊ ગ્રોમોર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સ એન્ડ આર્ટ્સ, હિંમતનગરના વિદ્યાર્થીઓએ ગ્રંથાલયની મુલાકાત કરી હતી. જેમાં બી.ઝેડ કેમ્પસના ગ્રંથાલયમાં ઉમેરાયેલા નવા પુસ્તકોની સાથે સાથે અત્યારે ગ્રંથાલયમાં હાજર અંદાજીત ૪૦,૦૦૦ હજાર જેટલા પુસ્તકોની માહિતી મેળવી અને સ્પર્ધાત્મક પરીક્ષાને લગતી તૈયારીઓના ભાગરૂપે અલગ અલગ પુસ્તકોની જાણકારી પ્રાપ્ત કરી હતી. જેના માટે ગ્રોમોર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સ એન્ડ આર્ટ્સના પ્રિન્સીપાલ ડૉ. જૈમિન ભટ્ટ અને ગ્રોમોર અને બી.ઝેડ ગ્લોબલ એજ્યુકેશનના ટ્રસ્ટી ભૂપેન્દ્રસિંહ ઝાલા, ડાયરેક્ટર સી.એ. ઋષિત મહેતા અને કેમ્પસ એકેડેમીક હેડ ડૉ. ફૂલચંદ ગુપ્તા વિદ્યાર્થીઓને રેગ્યુલર ગ્રંથાલય મુલાકાત માટે પ્રોત્સાહિત કર્યા હતા.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે. વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર કોમર્સ વિભાગમાં અભ્યાસ કરતા

વિદ્યાર્થીઓની એક દિવસીય ઇન્ડસ્ટ્રીયલ મુલાકાત એમ.આઇ. દિયા ગ્રુપ ઓફ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ–જેતલપુરા ખાતે કૉલેજના પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી. દિયા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગ સાહસિક અને માલિક શ્રી ગૌરવ ઠક્કર અને શ્રી મયુરભાઈ જોબનપુત્રાએ વિદ્યાર્થીઓને કંપનીની શરૂઆત, કાચા માલ (રાઈ) માંથી પાકો માલ બનાવવાની પ્રક્રિયા, ઉત્પાદન કરવામાં આવતી વિવિધ વસ્તુઓ, અનલોડીંગ થી લઈને લોડીંગ સુધીની પ્રક્રિયા તેમજ વિવિધ મશીનરી, યંત્રો, બોઇલર, લેબૉરેટરીની મુલાકાત કરાવી ઊંડાણપૂર્વક માહિતી અને સમજૂતી વિદ્યાર્થીઓને આપી હતી. આ મુલાકાતમાં અધ્યાપકશ્રીઓ તેમજ બી.કોમ. સેમેસ્ટર–૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાઈને ઇન્ડસ્ટ્રી વિશે માહિતી પ્રાપ્ત કરી પોતાના જ્ઞાન અને અનુભવમાં વધારો કર્યો હતો.

## રોજગાર મેળો



શ્રી.કે.આર.કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં સરકાર પ્રેરિત અને કે.સી.જી અમદાવાદ આયોજિત પ્રિ. ડૉ.એ.કે.પટેલના માર્ગદર્શન તળે 'ઉદીશા' ના ડૉ. સંજય પંડ્યા અને ડૉ. ઉર્વશી પટેલે જોબ ફેરનું આયોજન કર્યું હતું. જેમાં એસ.બી.આઈ. લાઈફ, નીર ગુરુકુલ મેનેજમેન્ટ, વેલ્સન ફાર્મર, કેરવેલ ક્રોપ સાયન્સ જેવી કંપનીઓ આવેલ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ ની સફળતા માટે મંત્રી દિલીપભાઈ કટારાએ ગુજરાત સરકાર અને કે.સી.જી.નો આભાર માન્યો હતો.

## વ્યાખ્યાન



❊ આર્ટ્સ કૉલેજ, વિજયનગરમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શામળાજી કૉલેજના ડૉ. ભરત. આર.પટેલ ઉપસ્થિત રહી વર્તમાનમાં 'આપઘાત એક સામાજિક સમસ્યા છે' અને જે સમાજના તમામ વર્ગોમાં ઉભરી રહેલ છે. જેના અનુસંધાને ગહન વ્યાખ્યાન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ.બી. એ. પટેલના માર્ગદર્શન હેઠળ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.બી.એલ. પવારના પ્રયત્નથી તેમજ સ્ટાફના સહયોગ સાથે આભાર દર્શન પ્રેમલ દેસાઈએ કરી કાર્યક્રમ સંપન્ન થયો હતો.



❊ ડી. ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦–૨–૨૦૨૪ના રોજ Conceptual Teaching વિષય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના મુખ્ય વક્તા ડૉ. સતિષપ્રકાશ શુકલ–ગુજરાત યુનિવર્સિટી, કૉલેજના પ્રિ. નિલુબેન ઘોષ, પ્રાઈમરી સ્કૂલના પ્રિન્સિપાલશ્રીઓ, કૉલેજનો તમામ સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજના પ્રિન્સિપાલશ્રીએ આવેલા મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત અને વક્તાનો પરિચય કરાવ્યો હતો ત્યાર પછી વક્તા ડૉ.સતિષપ્રકાશ શુક્લા સાહેબે વિષયના અનુસંધાનમાં વિશેષ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. પ્રથમ કારકિર્દીલક્ષી પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તેમજ શિક્ષક બન્યા પછી કેવી વ્યાવસાયિક સજ્જતા હોવી જોઈએ તેમજ મેળવેલ કૌશલ્યનો શિક્ષણમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.



❊ સરકારના લાઈફ મિશન વિચાર અંતર્ગત ભારતીય દર્શન અને પર્યાવરણ વિષયના અનુસંધાનમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરમાં તા. ૧૭–૨–૨૦૨૪ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં વક્તા હરેશભાઈ ચૌધરી, પ્રિ. નિલુબેન ઘોષ, તમામ સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રિન્સિપાલશ્રી દ્વારા આવેલા મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત અને વક્તાનો પરિચય આપવામાં આવ્યો હતો. વક્તા હરેશભાઈ ચૌધરીએ વિષયના અનુસંધાનમાં ઊંડાણથી માહિતી આપી હતી. પર્યાવરણમાં પ્રદૂષણ ફેલાવવાના કારણો અને અટકાવવાના ઉપાયો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ વિષયના અનુસંધાનમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોનું પણ સારું જ્ઞાન વિદ્યાર્થીઓને આપ્યું હતું. તેમજ ઓર્ગેનીક ખેતીથી થતા ફાયદાઓ વિષે સુંદર માહિતી આપી હતી.



✼ આટ્‌ર્સ કૉલેજ, વિજયનગરમાં તા. ૪-૩-૨૦૨૪ના રોજ અંગ્રેજી વિભાગ દ્વારા તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શામળાજી કૉલેજના ડૉ. હેમંત કુમાર એ.પટેલ ઉપસ્થિત રહી "Science Fiction: Bridging imagination and reality" વિષય પર વ્યાખ્યાન આપ્યું અને વર્તમાન સમયમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ સાહિત્ય અને વિજ્ઞાન કેવી રીતે સંકળાયેલા છે? તે સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. બી.એ. પટેલના માર્ગદર્શન હેઠળ અને અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ.મનીષ ભટ્ટના પ્રયત્નથી તેમજ સ્ટાફના સહયોગથી સંપન્ન થયો હતો.

## વર્કશોપ

તા. ૭-૩-૨૦૨૪ના રોજ ભારતીય ઉદ્યોગ વિકાસ સંસ્થાન દ્વારા અમદાવાદ ખાતે 'સાયબર સિક્યોરિટી એન્ડ એથીકલ ટ્રેકિંગ અવેરનેસ'ના વિષય પર વર્કશોપ યોજવામાં આવેલ હતો. જેમાં ડૉ. કે.એલ.એન. રાવ, આઇ.પી.એસ. ગુજરાત રાજ્ય અને લીલાધર મીના, ડાયરેક્ટર NCIPC દ્વારા સાયબર સિક્યોરિટી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં કૉલેજના અધ્યાપક ડૉ. સંજય એન. લુહાના અને કોમર્સના ચાર વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

## વાર્ષિકોત્સવ



✼ આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુમાં વાર્ષિકોત્સવ, ઇનામ વિતરણ અને દીક્ષાંત સમારોહરૂપી ફોરમ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ તરીકે કેળવણી મંડળના પ્રમુખ માનસિંહભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કેળવણી મંડળના ઉપપ્રમુખ, સહમંત્રી સહિત કારોબારી સભ્યો અને ભીખાભાઇ ચૌધરી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કૉલેજના પ્રિ. ડૉ. બાબુભાઈ ચૌધરીએ સર્વે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને વર્ષ દરમ્યાન થયેલી અનેક પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સાંસ્કૃતિક, સ્પોટ્‌ર્સ, એન.એસ.એસ., એન.સી.સી. અને શૈક્ષણિક ક્ષેત્રે દરેક વિષયોમાં પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ટ્રોફી આપીને નવાજવામાં આવ્યા હતા. ત્યારબાદ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. કૉલેજના વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર સંચાલન ડૉ. શીતલબેન પ્રજાપતિ, ડૉ. વિનુભાઈ ચૌહાણ, ડૉ. હિરલબેન પટેલ, અને ડૉ. મેહુલભાઇ જયસ્વાલે કર્યું હતું.



✼ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, મહેસાણામાં તા. ૯-૩-૨૦૨૪ ના રોજ વાર્ષિકોત્સવ અને દિક્ષાંત સમારોહ ઉજવવામાં આવ્યો હતો. જેમા સમારંભ અધ્યક્ષ તરીકે શ્રી.કાંતિભાઈ પટેલ તેમજ મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ ચૌધરી અને અતિથિ વિશેષ શ્રી મિલનભાઈ એસ.ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. બી.એડ સેમ-૨નાં તાલીમાર્થીઓ દ્વારા સુંદર ગણેશ સ્તુતિ, તેમજ પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કૉલેજના પ્રિ.ડૉ.શાન્તાબેન પટેલે ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સંસ્થાના માનદ્ મંત્રીશ્રી તેમજ સહમંત્રીશ્રીએ વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને વિશેષ સંદેશ આપી આશીર્વચન પાઠવ્યા હતા. બી.એડ્ સેમ-૪ ના તાલીમાર્થીઓએ આ દિક્ષાંત સમારોહમાં પોતાના બે વર્ષના શૈક્ષણિક પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. વર્ષ દરમ્યાન શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ તાલીમાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

## વિદ્યાર્થી સંમેલન



શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આટ્‌ર્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા.૭-૩-૨૦૨૪ ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓની મિટીંગ સાર્વજનિક કેળવણી મંડળના માનદ મંત્રી દિલીપભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ. જેમાં વિધિવત 'સંપર્ક' ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળનું રજીસ્ટ્રેશન કરવાનો નિર્ણય લેવાયો હતો. આ મંડળના પ્રમુખ તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની શીતલ પટેલ (એડવોકેટ)ની વરણી કરવામાં આવી હતી. સાથે મંત્રી સહિત કારોબારી સમિતિના સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી. પ્રિ.ડૉ. સુનીતાબેન સુપહિયાએ સ્વાગત કરી સર્વેને આવકાર આપ્યો હતો. IQAC કો-ઓર્ડીનેટર ડૉ.આરતીબેન ખિન્દ્રીએ નેક કમિટી વખતે ભૂતપૂર્વ વિદ્યાર્થીની મંડળની ભૂમિકા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

## શુભેચ્છા સમારંભ



શ્રી ત્રિકમજીભાઈ ચતવણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર તા. ૧૩–૪–૨૦૨૪ ના રોજ ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઈ મુલાણી અમેરિકાના પ્રવાસે જતા હોઈ કેમ્પસના તમામ આચાર્યો તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ ધીરુભાઈના ઉપસ્થિતમાં શુભેચ્છા સમારંભ યોજાયો હતો. કૉલેજના આચાર્ય ડૉ.સી.એમ. ઠક્કરે કેમ્પસના આચાર્યશ્રીઓ વતી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના તમામ આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહી અને શુભેચ્છા પાઠવી હતી.

## સંગીત સભા



શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના સંગીત વિભાગ દ્વારા શાસ્ત્રીય સંગીત સભા તા.૧૨–૩–૨૦૨૪ના રોજ યોજાઇ હતી. જેમાં સેમ.૬ ના વિદ્યાર્થીઓએ મેળવેલ તાલીમના પ્રદર્શનના ભાગરૂપે શાસ્ત્રીય સંગીત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.જી.ઇ.એસ.ના સી.ડી.ઓ. પ્રો. જયભાઇ ધ્રુવ, પ્રિ. ડૉ. કનુભાઈ વૈષ્ણવ તેમજ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ શાસ્ત્રીય સંગીત સભામાં મયુર દવે, જયદીપ જાદવ, જયેશ માળી, ઋષિ પટેલ, કુ. આશના પાલકર દ્વારા રાગ શુદ્ધ કલ્યાણ, દરબારી કાનડા, આહિર ભૈરવ વગેરે જેવા રાગોની ખૂબ સુંદર પ્રસ્તુતિ કરી હતી. આ સભામાં તાલો જેવા કે મત્ત, આડા ચૌતાલ વગેરે તાલોમાં ગાયન રજૂ કર્યું હતું. આ સાથે અભંગ, ભજન, ગઝલ, ઠુમરી જેવા ઉપ શાસ્ત્રીય સંગીતની પણ ઉત્તમ રચનાઓની પ્રસ્તુતિ કરાઈ હતી.

## સંમેલન

શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં તા.૧૫–૩–૨૦૨૪ના રોજ કોન્ફરન્સ હોલમાં શ્રી શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કટારાના અધ્યક્ષપદે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીઓની સભા યોજાઈ ગઈ. જેમાં કૉલેજના આચાર્ય એ.કે.પટેલે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીઓને સંબોધીને ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી મંડળનું મહત્વ,જરૂરિયાત અને વર્તમાન સમયમાં તેની ઉપયોગીતા અંગે ચર્ચા કરી, કૉલેજની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે હાકલ કરી તેમનો સાથ–સહકાર મળે એવો આગ્રહ રાખ્યો હતો. ગુજરાતી વિભાગના વી.કે.ગાંવિત દ્વારા વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કૉલેજના વિકાસ અને વર્તમાન વિદ્યાર્થીઓના વિકાસમાં કેવા પ્રકારનું પ્રદાન આપી શકે ભવિષ્યમાં કેવા પડકારો અને પ્રહારો આવશે? વિદ્યાર્થીઓ તેનો સામનો કેવી રીતે કરી શકે તે અંગે માહિતી આપવામાં આવી હતી.ત્યારબાદ વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે ઓપન ચર્ચા રાખવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને જરૂરિયાતો, સૂચનો મેળવવામાં આવ્યા હતા.

## સેમિનાર

ધ એચ.એન.એસ.બી. લી. સાયન્સ કૉલેજ, હિંમતનગરમાં તા. ૧૮–૫–૨૦૨૪ના રોજ GCAS PORTAL અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા માટેનો માર્ગદર્શન સેમિનાર કા.પ્રિ. ડૉ જે.એસ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઇ ગયો. આ સેમિનારમાં હિંમતનગરની વિવિધ સ્કૂલોમાં ધો. ૧૨ પાસ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ તથા સ્ટાફમિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા GCAS PORTAL શા માટે અને પ્રવેશ પ્રક્રિયાનું શિડ્યુલ વિશેની માહિતી પ્રો.ડૉ એમ.એમ. પ્રજાપતિએ આપી હતી અને GCAS PORTAL પર રજિસ્ટ્રેશન અને પ્રોફાઇલ તેમજ વિવિધ સ્ટેપની સમજણ મયુરસિંહ રહેવરે આપી હતી. કા.પ્રિ. ડૉ જે.એસ પટેલે GCAS PORTAL પ્રવેશ માટે આ કૉલેજમાં શરૂ કરેલ હેલ્પ સેન્ટર તેમજ કૉલેજમાં ચાલતા વિષયો અને વિવિધ પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

## સબરસ

છોકરો : મોટી મોટી ગાડીઓમાં ફરનારી મહિલા–છોકરીઓ પણ મારા પપ્પા સામે વાટકો લઈને ઊભી રહી જાય છે.

છોકરી : એમ, શું તારા પપ્પા પાસે બહુ પૈસા છે?

છોકરો : ના, એ પાણીપુરીની લારી ચલાવે છે.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor :** **Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery**, Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–